ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં રક્તદાન કેમ્પ યોજાયો

ભિલોડા, તા.૩૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં ભારત વિકાસ પરીષદ ધ્વારા રક્તદાન કેમ્પ તા.૩૦/૧/૨૦૧૬ ને શનીવારના રોજ યોજાયો હતો.ઉદય સેવા સંસ્થાન,ભિલોડા સૌજન્ય ધ્વારા ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ જે.સી.ભાટીયા, મંત્રી જગદીશભાઈ પટેલ, ઉપપ્રમુખ મુકેશભાઈ પંચાલ, હર્ષદભાઈ સોની, નરેશભાઈ પંચાલ, રામઅવતાર શર્મા, હસમુખભાઈ બરંડા, ઉર્વશીબેન બરંડા, ચંદ્રકાતભાઈ પટેલ, બિપીનભાઈ પ્રજાપતી ધ્વારા રક્તદાન કેમ્પ યોજાયો હતો.જેમાં મોટી સંખ્યામાં સેવાભાવી લોકોએ રક્તદાન કર્યુ હતું.ભિલોડામાં રક્તદાન કેમ્પમાં રક્તદાન મહાદાન સુત્રને સાર્થક બનાવવામાં આવ્યું હતું.ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા, હોદ્દેદારો, કાર્યકરો, ભિલોડા કોટેઝ હોસ્પિટલનો સ્ટાફ પરીવાર ધ્વારા રક્તદાન કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી હતી.

ભિલોડાના માલાવાવ પ્રાથમીક શાળાના શિક્ષકનું કલેક્ટર ધ્વારા સન્માન કરાયું

ભિલોડા,તા.૩૧

ભિલોડાના માલાવાવ પ્રાથમીક શાળાના શિક્ષકનો કલેક્ટર છાકછુઆક ધ્વારા સન્માન કરાયું હતું.ભિલોડા માલાવાવ પ્રાથમીક શાળામાં ફરજ બજાવતા ઉ.શિ.અર્જુનભાઈ ટી.ગોપાતએ ૩૦ ભિલોડા વિધાનસભા મતદાર વિભાગના ૬૪ ભિલોડા-૨ ભાગમાં બુથ લેવલ ઓફીસર તરીકે શ્રેષ્ઠ કામગીરી બજાવેલ હતી.રાષ્ટ્રીય મતદાર યાદી શુધ્ધતા અને અધિકૃતતા કાર્યક્રમ અંતર્ગત અરવલ્લી જીલ્લા કલેક્ટર ધ્વારા સન્માન કરી પ્રમાણપત્ર અર્પણ કરાયું હતું.માલાવાવ પ્રાથમીક શાળામાં આનંદની લાગણી પ્રસરી હતી.

વાત્રક નદીમાં આવેલ ચેકડેમમાંથી અર્ધબળેલી હાલતમાં યુવતીનો મૃતદેહ મળી આવ્યો

મેઘરજ, તા. ૩૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ સ્મશાનગૃહ જવાના માર્ગ ઉપર આવેલ એક ચેકડેમ પાસે અર્ધ બળેલી હાલતમાં યુવતીનો મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર જગાવી છે.

વિગત એવી છે કે મેઘરજ નગરના સ્મશાનગૃહ જવાના માર્ગ ઉપર વાત્રક નદી પસાર થાય છે. આ નદીના કિનારેથી આજુબાજુના ગામડાઓના સંખ્યાબંધ લોકો આવનજાવન કરે છે અને વાત્રક નદીમાં ચેકડેમ પણ બનાવેલ છે. છેલ્લા ત્રણ દિવસથી આ માર્ગ ઉપરથી પસાર થતા રાહદારીઓએ એક હાડપીંજર દેખતાં આજુબાજુના રહિશોએ ગામડાઓમાં જાણ કરી હતી. ત્યારબાદ ગઈકાલે એક સદગૃહસ્થે આ મૃતદેહ અંગે મેઘરજ પોલીસ સ્ટેશને જાણ કરતાં મેઘરજ ઈન્ચાર્જ પી.એસ.આઈ. ભાટી તેમજ પોલીસ કુમક ઘટનાસ્થળે દોડી આવી હતી અને તુરતં જ મેઘરજ સામુહિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરોને જાણ કરી આ મૃતદેહને પેનલ તબીબીઓની ટીમ દ્વારા પી.એમ. કરાવ્યું હતું અને આ મૃતદેહને પ્રાથમિક દૃષ્ટિએ જોતા સાડી, બ્લાઉજ તેમજ શરીર ઉપરના વસ્ત્રો બળેલી હાલતમાં જણાતા હતા. સાથે સાથે આ મૃતદેહના એક પગમાં પહેરેલો છડો પણ મળી આવ્યો હતો. મળતી માહિતી અનુસાર આ યુવતીની હત્યા કરી પુરાવાનો નાશ કરવા બાળી નાખી મેઘરજથી સ્મશાનગૃહ જવાના માર્ગ ઉપર એક અવાવરૂ જગ્યાએ ફેંકી દેવાયાનું બહાર આવ્યું છે. આ ઘટનાની જાણ મોડાસા નાયબ પોલીસ અધિક્ષક કિશોર બળોલીયાને થતાં તરત જ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અવાવરૂ જગ્યાએથી અર્ધબળેલી યુવતીનો મૃતદેહ જોવા નગરના સંખ્યાબંધ લોકો દોડી ગયા હતા. આ અંગે મેઘરજ પોલીસે અકસમાતે મોતનો ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ જગ્યા ઉપરથી રોજના સંખ્યાબંધ રાહદારીઓ પસાર થતાં આ મૃતદેહ નજરે પડ્યો : આ યુવતીને હત્યા કરી ફેંકી દિધા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે

સંક્ષિપ્ત સમાચાર

મોડાસાની ઘાંચી હાઈસ્કૂલમાં 'ફૂડ ફેસ્ટીવલ'

મોડાસા, તા. ૩૧

ઘાંસી હાઈસ્કૂલના પ્રમુખ સિકંદરભાઈ સુથાર સાહેબ (રાજાબાબુ)ના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમ યોજાયો.

જેમાં મોટી સંખ્યામાં ગામલોકોએ હાજરી આપી શાળાનું વાતાવરણ ખુબજ ઉત્સાહભર્યુ હતુ. બાળકોએ તેમની મનપસંદ વાનગીઓ બનાવી લોકોના દિલ જીતી લીધા. બાળકો આવા કાર્યક્રમોથી શાળાનું વાતાવરણ જીવંત કરે છે. બાળકોનો ઉત્સાહ જોવા લાયક હતો. તેમના શિક્ષકોના માર્ગદર્શન નીચે બાળકોએ ખુબજ ઉત્સાહથી કાર્યક્રમને સફળ બનાવ્યો. ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના પ્રમુખ સિકંદરભાઈ સુથાર (રાજાબાબુ), કારોબારી સભ્યો, આયોજક આરીફભાઈ, આચાર્ય મિરઝા સાહેબ તથા સ્ટાફ મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી.

સરસ્વતી બાલમંદિર ખાતે તેમજ કોંગ્રેસ અગ્રણીઓ દ્વારા શ્રધ્ધાંજલી કાર્યક્રમો યોજાયા.

૩૦જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિને મોડાસા તાલુકાના મહાદેવગ્રામ (બાકરોલ) ખાતેના ગાંધી સમાધિ મંદિરે પુષ્પાંજલી અર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીજી ના નિર્વાણ દિને મોડાસા તાલુકાના મહાદેવગ્રામ ખાતે આવેલ ગાંધી સમાધિ મંદિરે યોજાયેલ શ્રધ્ધાંજલી કાર્યક્રમમાં પૂર્વ સાંસદ ડી.મહેન્દ્રસિંહ ચૌહાણ, જીલ્લા પંચાયત સદસ્ય કમક્ષાબેન પરમાર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. મેશ્વો નદીના કીનારે આવેલા હાથીયા ડુંગરની ટોચે નિર્માણ કરાયેલ ગાંધી સમાધિ મંદિરે ગામની પ્રાથમિક શાક્ષાના વિદ્યાથીઓ પ્રાર્થના, ભજન રજુ કર્યા હતા. રાજયભરમાં જાણીતા ઐતિહાસિક સ્થળે પૂ.બાપુના અસ્થિ ઉપર સમાધિ મંદિર બંધાયેલું હોઈ સ્થળનું વિશેષ મહત્વ હોવાનું સરપંચ દિનેશભાઈ પરમારે જણાવ્યું હતું.

ગાંધી નિર્વાણ દિને મોડાસાના રેસ્ટ હાઉસ ખાતે કોંગ્રેસ પક્ષના અગ્રણીઓ દ્વારા શ્રધ્ધાંજલી કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં કોંગ્રેસ અગ્રણી રમેશભાઈ કડીયા, જીલ્લા પંચાયતના સદસ્ય ડી.ચીરાગ ઉપાધ્યાય, રેવાભાઈ ભાંભી, નિકુંજભાઈ રાઠોડ, આનંદ પરમાર, દિનેશભાઈ સોલંકી સહિતના કાર્યકરો જોડાયા હતા. જયારે નગરના સરસ્વતી બાલમંદિર ખાતે યોજાયેલ શ્રધ્ધાંજલી કાર્યક્રમમાં નગરપાલીકાના ઉપપ્રમુખ દિનેશભાઈ ગુર્જર ,મંડળ પ્રમુખ નિલેશભાઈ જોષી સહિતના અગ્રણીઓ જોડાયા હતા.જેઓએ ગાંધી નિર્વાણ દિને શ્રદ્ધાંજલી આપી હતી.

કંપની સમાચાર

'કેમ છો ગુજરાત'

બજારની અનિશ્ચિતતા વચ્ચે ગુજરાતીઓને સફળ રોકાણકાર બનાવવા ઈટી નાઉનો નવો કાર્યક્રમ

ભારતની નંબર ૧ અંગ્રેજી બિઝનેસ ન્યૂઝ ચેનલ ઈટી નાઉ ભારતના વેપારવાણિજ્યના કેન્દ્ર સમાન ગુજરાતમાં દર્શકો અને રોકાણકારો સાથેના જોડાણને વધુ સઘન બનાવવા સજ્જ છે અને આ માટે કેમ છો ગુજરાત નામનો કાર્યક્રમ પ્રસારિત કરશે. આ કાર્યક્રમમાં સ્થાનિક રોકાણકારોની રૂબરૂ મુલાકાત લેવામાં આવશે અને ટોચના નિષ્ણાતો રોકાણકારોને માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમ અમદાવાદમા ૧ ફેબ્રુઆરીને સોમવારથી શરૂ થશે અને પાંચ દિવસ વિવિધ કાર્યક્રમો રજુ કરવામાં આવશે.

ટાઈમ્સ નેટવર્કની બિઝનેસ ન્યૂઝ ચેનલ ઈટી નાઉ દ્વારા રોકાણકારોના ફાયદા માટેની આ પહેલનો આશય ગુજરાતમાં રોકાણકારોને બજારની અનિશ્ચિતતાઓમાં પોતાનું રોકાણ કેવી રીતે સલામત રાખી શકાય અને તેમાંથી કેવી રીતે ફાયદો મેળવી શકાય તેમજ રોકાણ અંગેના ઉત્તમ નિર્ણયો કેવી રીતે લઈ શકાય તેના પર માર્ગદર્શન આપવાનો છે. એક અઠવાડિયા લાંબા આ કાર્યક્રમોમાં ઈટી નાઉના નિરજ શાહ અને અન્ય એડિટર્સ ઉપરાંત નિલેશ શાહ, દિપન મહેતા, પંકજ શર્મા જેવા બજાર અને બિઝનેસના ટોચના નિષ્ણાતો સાથે વિશિષ્ટ આદાન પ્રદાન કરવાની તક મળશે. ઉપરાંત બજારની વર્તમાન સ્થિતિઓનો સામનો સ્થાનિક રોકાણકારો કેવી રીતે કરે છે તેની સમજણ મેળવવા ડિલીંગ રૂમ અને બ્રોકરેજ કંપનીઓમાંથી લાઈવ કવરેજ થશે.

૧લી ફેબ્રુઆરીથી શરૂ થનાર આ કાર્યક્રમમાં ચેનલ નિષ્ણાત યતિન મોટાની આગેવાનીમાં ઈટી નાઉની ટીમ અમદાવાદમાં કેટલાંક મોટા બ્રોકરેજ હાઉસની મુલાકાત લશે અને ડિલીંગ રૂમમાં શેરબજારના કેટલાંક મોટા ખેલાડીઓ સાથે વાતચીત કરશે અને તેઓ હંમેશા આગળ રહેવા કેવી રીતે દરરોજ મેનેજમેન્ટ કરે છે અને કેવી વ્યૂહરચના બનાવે છે તેના પર જીવંત રિપોર્ટિંગ કરશે.

માણસા તાલુકાના ઈટાદરા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય વિષયક યોજનાઓ અંગે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપ દ્વારા સરકારની વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ અંગે ગામના તમામ તાલુકા પંચાયત સદસ્યો, ગ્રામ પંચાયતના સરપંચ તથા લોક આગેવાનોને માહિતગાર કરાયા હતા.

પરખ સંસ્થા દ્વારા ગ્રાહક જાગૃતિ માટે ભિલોડા તાલુકામાં શેરી નાટકનું આયોજન

હિંમતનગર, તા. ૩૧

તાજેતરમાં જ પરખ સંસ્થા હિંમતનગર દ્વારા નિયંત્રક કાનૂની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહક સુરક્ષાની કચેરી ગાંધીનગરના સહયોગથી ગ્રાહકોમાં જાગૃતી આવે તે હેતુથી અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના વિવિધ ગામો વૌસળી, નારપુર, ધોલવાણી, મોહનપુરમાં તા. ૨૩-૧-૨૦૧૬ શનિવારના રોજ શેરી નાટકનું આયોજન કરવામાં આવેલ જેમાં લોકો રોજ બરોજની ખરીદીમાં છેતરાતા હોય છે, સોનાચાંદીની ખરીદીમાં હોલમાર્ક વગરની ખરીદી કરી નુકશાન વહોરે છે, સેલના નામે, લોભામણી જાહેરાતોથી ડગલે ને પગલે છેતરાય છે વગેરે જેવી બાબતોથી બચે અને જો છેતરાય તો ગ્રાહક સુરક્ષા મંડળ અથવા ગ્રાહક સુરક્ષા તકરાર નિવારણ ફોરમમાં ફરીયાદ કરી ન્યાય મેળવી શકે તે માટે શેરી નાટકના માધ્યમથી રમુજ રીતે લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરેલ જેમાં ગામના સરપંચશ્રીઓ હાજર રહેલ તેમજ પરખ સંસ્થાના પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ભરતભાઈ પટેલ, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર ભિલોડાના કેન્દ્ર સંચાલક શ્રદ્ધાબેન જોષી તથા પરખ સંસ્થાના કાર્યકર્તા રબારી ચેતનાબેન, રાજપુત વર્ષા તેમજ ગામના અગ્રણીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહેલ.

હિંમતનગરના પાર્ટી પ્લોટમાંથી ૪.૫૩ લાખની માલમત્તા ભરેલ બેગ લઈ ગઠિયો છુમંતર

હિંમતનગર, તા. ૩૧

હિંમતનગરના મોતીપુરામાં આવેલ સૂર્યોદય પાર્ટી પ્લોટમાં શુક્રવારે રાત્રે યોજાઈ રહેલા એક લગ્ન પ્રસંગમાં સગા-સંબંધીઓ દ્વારા ભેટમાં તેમજ કન્યાદાનમાં મળેલા સોનાના દાગીના અને રૂ. ૩ હજારની ભેટની રોકડ રકમ સહિત રૂ. ૩.૫૩ લાખની માલમત્તા ભરેલી બેગ ચોરાઈ જવાની ઘટના બની હતી. ચોરીની ઘટના અંગે મહાવીરનગરના રહીશ અને અગ્રણી વેપારીએ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મોડી રાત્રે ફરિયાદ નોંધાવતા ગુનો દર્જ કરાયો હતો.

ચોરીની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર અપૂર્વભાઈ રમેશભાઈ શાહની ભત્રીજી ડૉ. ખ્યાતિબેનના લગ્નનો શુક્રવારે મોતીપુરા સૂર્યોદય પાર્ટી પ્લોટમાં લગ્ન સમારોહ યોજાયો હતો. તે દરમિયાન ખ્યાતિબેનના સગા-સંબંધીઓ ઉપરાંત કન્યાદાનમાં આશરે ૧૮ તોલાના સોનાના દાગીના ભેટમાં આવ્યા હતા. ઉપરાંત બંધ કવરમાં રોકડ રકમ રૂ. ૩ હજાર રોકડ ભેટ મળી બધી વસ્તુઓ બેગમાં મુકી હતી. કોઈ તસ્કરે રૂ. ૪.૫૦ લાખના સોનાના દાગીના અને રૂ. ૩ હજારની રોકડ રકમ સહિતની બેગની ચોરી કરી ભાગી છુટતા શોધખોળ માટે દોડધામ મચી ગઈ હતી. પરંતુ બેગ ચોરનારનો કોઈ પત્તો હાથ ન લાગતા ચોરીની ઘટના અંગે શ્રીનગર સોસાયટીમાં રહેતા અપૂર્વભાઈ શાહે મોડી રાત્રે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કર્યો હતો.

કન્યાદાનમાં આવેલા રૂ. ૪.૫૦ લાખની કિંમતના ૧૮ તોલાના સોનાના દાગીના બેગમાં હતા

હિંમતનગરના મહાવીરનગરમાં રહેતા અગ્રણી વેપારી

હિંગટીયા પાસે ટ્રેક્ટર પલટી ખાતા એકનું મોત : બે ને ઈજા

ખેડબ્રહ્મા, તા. ૩૧

ખેડબ્રહ્મા તાલુકાના હિંગટીયા ગામ નજીક ગુરૂવારે સાંજે પુરઝડપે આવતું ટ્રેક્ટર અચાનક પલટી ખાઈ જતા ટ્રેક્ટરમાં બેઠેલા એક વ્યક્તિનું ઘટનાસ્થળ પર કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય બે જણાને ગંભીર ઈજા પહોંચતા તેમને સારવાર માટે ખસેડાયા હતા. અકસ્માતની ઘટના અંગે ખેરોજ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

અકસ્માતની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર હિંગટીયા ગામ નજીકથી ગુરૂવારે સાંજે પુરઝડપે લોખંડના સળીયા ભરીને આવી રહેલ નંબર વગરનું ટ્રેક્ટર એકાએક પલટી ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રેક્ટરમાં બેઠેલા ખેડબ્રહ્મા તાલુકાના નવામોટા ગામના રહિશ બકાભાઈ ફુલાભાઈ ગમાર (ઉં.વ.૪૦)ને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ઘટનાસ્થળ પર જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે રમેશ ચુના ગમાર અને બાબુસકા ગમારને પણ ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. અકસ્માતના બનાવ અંગે કાન્તિભાઈ શકાભાઈ ગમારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં ભાગી છુટેલા ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

આંતરરાષ્ટ્રીય બ્રાહ્મણ મહાસંસ્થાના ગુજરાત પ્રદેશ પ્રભારી પદે દિલિપ વેદિયા

અમદાવાદ, તા.૩૧

આંતરરાષ્ટ્રીય બ્રાહ્મણ મહાસંસ્થા દ્વારા વિશ્વભરમાં વસવાટ કરતા બ્રાહ્મણોના કલ્યાણ, સંગઠનની કામગીરી સંભાળી કામકાજ કરાય છે. આ સંસ્થાના રાષ્ટ્રીય સચિવ અનીલકુમાર બાજપાઈજીની ભલામણથી અધ્યક્ષ વશિષ્ટ દુબેજી દ્વારા ગુજરાત રાજયના પ્રભારી તરીકે હિંમતનગરના દિલીપ જશુભાઈ વેદિયાની નિમણુંક કરી સમગ્ર ગુજરાતના બ્રહ્મસમાજનું ગૌરવ વધાર્યું છે.

ભિલોડામાં તસ્કરોનો તરખાટ વહેલી સવારે ૬.૨૦ લાખનું પર્સ ચોરાયુ

ભિલોડા, તા. ૩૧

અરવલ્લી જિલ્લાના ભિલોડા પંથકમાં ઘરફોડ ચોરી છેલ્લા બે માસથી અવિરત પ્રવાહમાં ચાલી રહી છે. લાખો રૂપીયાની માલ-મત્તા ચોરાઈ છતાં આજદિન સુધીમાં ચોરીના એક પણ કેસનો ભેદ ઉકેલાયો નથી. ત્યા વળી આજે તા. ૩૧-૧-૧૬ના રોજ રવિવારે વહેલી સવારે ૬.૦૦ વાગ્યાના અરસામાં રાજસ્થાનથી લગ્નમાંથી પરત આવતા મારવાડી દંપતી ભિલોડા નારણપુર નારસોલી રોડ ઉપર પ્રાઈવેટ જીપમાંથી ઉતર્યા બાદ ઘરેથી વ્હીકલ બોલાવવા માટે ફોન કરતા હતા તે દરમ્યાન લેડીઝ પર્સમાં મુકેલ સોના-ચાંદીના દાગીના અને રોકડા તસ્કરી કરી તસ્કરો પલાયન થઈ જતા ચકચાર મચી જવા પામ્યો છે. જેમાં સોનાનો કંદોરો ૧૨ તોલા, કિ. રૂ. ૩,૨૫ હજાર, હાથફુલ સોનાની ૫ તોલા કિં. રૂ. ૧,૩૫ લાખ, ગળાનો સેટ સોનાનો ૫ તોલા કિં રૂ. ૧,૩૫,૦૦૦, રૂ. ૨૫ હજાર રોકડા કુલ મુદ્દામાલની કિં. રૂ. ૬,૨૦ લાખની માતબર રકમનું લેડિઝ પર્સ આંખના પલકારામાં સગેવગે કરતા ભિલોડાનગર સહીત મારવાડી સમાજમાં સનસનાટી મચી ગઈ હતી.

ભિલોડામાં વર્ષોથી રહેતા વસંતીલાલ શાહ, લક્ષ્મી વાસણભંડાર નામની દુકાન ધરાવતા જેઓની પુત્ર ચેતનકુમાર શાહ, પુત્રવધુ સુનીતાબેન શાહ રાજસ્થાનના ભીલવાડા વિસ્તારમાંથી લગ્ન પ્રસંગમાંથી પરત આવતા હતા. પ્રાઈવેટ જીપમાં ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર આજે વહેલી સવારે ૬ વાગ્યાના અરસામાં જીપમાંથી ઉતર્યા બાદ લેડિઝ પર્સ આંખના પલકારામાં પલાયન થઈ જતા ચકચાર મચી જવા પામી હતી. ભિલોડા પોલીસ સ્ટેશનમાં ચેતનભાઈ શાહે ચોરીના બનાવ સંદર્ભે ફરીયાદ નોંધાવવા ગયા ત્યારે પોલીસ ફરીયાદ લેવાના બદલે ફરીયાદ નહી લેવાયેલ. આનાકાની કરી ધમકાવ્યા હતા તેમ જાણવા મળેલ છે. ભિલોડા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરીયાદ નોંધાઈ છે.

ધનસુરાના રહિયોલ નજીક ટ્રકે બાઈકને અડફેટે લેતા પતિનું ઘટનાસ્થળે મોત

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જિલ્લાના મોડાસા-ધનસુરા રાજ્ય ધોરીમાર્ગ પરથી પસાર થતા રાજસ્થાની દંપતિની બાઈકને રહીયોલ પાટીયા નજીક ધનસુરા તરફથી આવતા ટ્રકે ટક્કર મારતા ઘટનાસ્થળે જ પતિનું કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. પત્નિના શરીરે ઈજાઓ પહોંચતા તાબડતોડ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાઈ હતી. અકસ્માત સર્જી ટ્રકચાલક ફરાર થઈ જતા ધનસુરા પોલીસે ટ્રકચાલક વિરૂદ્ધ અકસ્માત સર્જી ફરાર ટ્રકચાલકને ઝડપી પાડવા અને અકસ્માતમાં મોત નિપજાવાનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

મોડાસા-ધનસુરા રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા રહીયોલ પાટીયા નજીકથી બાઈક લઈને કામકાજ અર્થે પસાર થતા રાજસ્થાન સીમલવાડા તાલુકાના ગંદવા ગામના જીવાભાઈ નાનજીભાઈ રંગોત (ઉં.વ. ૨૫) તેમની પત્ની સંગીતાબેનને અમદાવાદ જવા નિકળ્યા હતા. રહીયોલ પાટીયા નજીક ધનસુરા તરફથી પુરઝડપે ગફલતભરી રીતે રોંગ સાઈડ હંકારી મોડાસાથી અમદાવાદ જતા દંપતીની બાઈક (ગાડી નં. આરજે ૧૨.એસએચ.૦૦૨૮) ને ટ્રકના (ગાડી નં. આરજે૧૪.૯૯૭૭) ચાલકે અડફેટે લેતા બાઈક ચાલક જીવાભાઈ નાનજીભાઈ રંગોતના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. જ્યારે બાઈક પાછળ બેઠેલા તેમની પત્નિ સંગીતાબેનના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ઈજાગ્રસ્ત મહિલાને તાબડતોડ મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી હતી. અકસ્માત સર્જી ટ્રકચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલી ધનસુરા પોલીસે મૃતકની પત્નિ સંગીતાબેન નાનજીભાઈ રંગોતની ફરીયાદના આધારે અકસ્માતે મોત નિપજાવવાનો ગુન્હો નોંધી ધનસુરા પોલીસે ફરાર ટ્રકચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. રાજ્ય ધોરીમાર્ગ પર બાઈકચાલકનું મોત નિપજતા લોકોના ટોળેટોળા ઉમટી પડતા ટ્રાફિકજામના દૃશ્યો જોવા મળ્યા હતા.

મેઘરજ તાલુકામાં ૧૩ તલાટી કમ મંત્રી અને ૬ જુનીયર ક્લાર્કની જગ્યાઓ ખાલી

મેઘરજ, તા. ૩૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં ૪૬ ગ્રામ પંચાયતો આવેલી છે અને ૪૬ ગ્રામ પંચાયતો માટે ૩૮ તલાટીઓનો મહેકમ મંજુર કરવામાં આવેલો છે. પરંતુ તાલુકામાં ૩૮ તલાટી કમ મંત્રીના મહેકમ પૈકી ૧૩ જગ્યાઓની ઘટ છે. જેથી ઘણી ગ્રામપંચાયતો ચાર્જમાં ચાલે છે. તેમજ મેઘરજ તાલુકા પંચાયતમાં પણ વર્ગ-૩ના જુનિયર ક્લાર્કની ૯ જગ્યાઓનો મહેકમમાં ૬ જગ્યાઓ ખાલી છે.

મેઘરજ તાલુકાના ગામડાઓમાં લોકોને રોજબરોજના કામકાજ માટે ગ્રામપંચાયત અને તાલુકા પંચાયતનો ઉપયોગ અતિ મહત્વની બાબત બની ગઈ છે. ત્યારે ગ્રામપંચાયતોમાં કાયમી તલાટી ના હોવાથી ધક્કાઓ ખાવા પડી રહ્યા છે અને તાલુકા પંચાયતમાં જુનિયર ક્લાર્કની જગ્યાઓ પણ ખાલી હોવાથી પ્રજાએ કામકાજમાં સમસ્યા સહન કરવી પડી રહી છે. ત્યારે તાલુકામાં તલાટી કમ મંત્રીઓ અને જુનિયર ક્લાર્કની જગ્યાઓ ભરવામાં આવે તેવી માંગણી તાલુકાની જનતા કરી રહી છે.